ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# કોઈ 'હોબાળો' નથી, નવી દિલ્હીમાં સરકાર માટે સારા દિવસો ચાલે છે

ભારતની રાજધાની નવી દિલ્હીમાં તો અચ્છે દિન જ ચાલે છે. માન્યામાં નહીં આવે પણ આ હકીકત છે. એક બાજુ સરકાર મોંઘવારી અને ભાવવધારાના ચક્કરમાં પિસાઈ રહી છે પરંતુ સિક્કાની બીજી બાજુ જોઈએ તો હવે લાલકૃષ્ણ અડવાણી ડાહ્યા થઈ ગયા છે. તેઓ વાત વાતમાં રિસાઈ જતા હતા પણ હવે તેઓ રિસાઈ જતા નથી. ભાજપ માટે આ અચ્છે દિનની નિશાની જ છે. અન્ના હજારે પાસે નવી યોજના નથી તેથી તેઓ ચૂપ છે. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન જાણે કે વેકેશન માણી રહ્યાં છે...

બીજા ઉદાહરણ જોઈએ તો બાબા રામદેવ કે અરવિંદ કેજરીવાલના ધરણાં પ્રદર્શન બંધ થઈ ચૂક્યાં છે. મુલાયમસિંહ યાદવ કોઈ હોટ શબ્દનો -યોગ કરતા નથી. દિગ્વિજયસિંહના દિવસો સારા છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી મૌન બન્યા છે. લાલુ પ્રસાદ યાદવ અને નિતીશકુમાર ભાઈ-ભાઈની રમત રમી રહ્યાં છે. દિલ્હી પોલિટીકલી શાંત છે. કટાર લેખક અવતારસિંહ ચાવલા તેમની પોસ્ટમાં લખે છે કે નરેન્દ્ર મોદી હવે કોઈની ઉપર ગુસ્સે થતાં નથી. સુષ્મા સ્વરાજ એમની મેળે ગોઠવાઈ ગયા છે. તેમની સિનિયોરિટીને છાજે તેવો વિભાગ તેમને મળ્યો છે. હવે ભાજપના સિનિયર મોસ્ટ નેતાઓને રાજ્યોમાં ગવર્નરના પદ મળવા છે... બોલો આને અચ્છે દિન કહેવાય કે નહીં...!!

## દુષ્કાળની અસર હોવાથી મહિલા સીએમ આનંદીબેન પટેલની કસોટી થશે


(તસવીર : કશ્યપ નિમાવત)

## ગુજરાતમાં ત્રણ વ્યક્તિએ એક વાહન, કુલ વાહનો ૧.૭૦ કરોડ થયા છે

## મોદી જો બોલતે હૈ, વો ડેફિનેટલી હોતા હૈ, ગુજરાત પીએમના પગલે છે

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

**આપત્તિમાં ગુજરાત શેકાયું છે, હવે નવી આફત ?..!**

ગુજરાતમાં છેલ્લા ૧૩ વર્ષમાં એકાદ બે વર્ષને બાદ કરતાં સારો વરસાદ થયો છે તેથી આપણે પીવાના પાણીની તંગી સહન કરવી પડી નથી. સારા વરસાદના કારણે ગુજરાતનું એગ્રીકલ્ચર પ્રોડક્શન એક લાખ કરોડને આંબી ગયું છે. હવે તો નર્મદા નદીનું પાણી અડધા ગુજરાતમાં જતું હોવાથી સિંચાઈ અને પીવાના પાણી મળી રહે છે. પાણી માટે ટેન્કર યુદ્ધ થયા નથી પણ ૨૦૧૪ના મધ્યમાં સરકારી અહેવાલ પ્રમાણે કચ્છ અને સૌરાષ્ટ્રમાં દુષ્કાળની અસર વધારે વર્તાઈ રહી છે. ચોમાસાના ત્રણ મહિનામાંથી એક મહિનો તો કોરો પસાર થઈ ગયો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં મનરેગા અંતર્ગત વાંસની ખેતી

## દહેગામ પંથકમાં આ પ્રયોગ હાથ ધરવાની કવાયત : જિલ્લાની ટીમે ખેડામાં કરાયેલા આ પ્રયોગની સફળતા જોયા બાદ લીધેલો મહત્વનો નિર્ણય : પૌષ્ટીક ઘાસચારાના વાવેતરની પણ વિચારણા

ગાંધીનગર,તા. ૬

ગાંધીનગર જિલ્લામાં મનરેગા અંતર્ગત કોતરો અને ખરાબાની જમીનો પર વાંસની ખેતી કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં મનરેગાના અસરકારક અમલીકરણ માટે તાજેતરમાં યોજાયેલી સમીક્ષા બેઠક દરમ્યાન આ સૌદ્ધાંતિક નિર્ણયના સંકેતો આપી દેવામાં આવ્યા છે. આ ખેતીના સંદર્ભે જિલ્લાના અધિકારીઓની એક ટીમે ખેડા જિલ્લામાં આ અંગે કરાયેલા પ્રયોગની મુલાકાત પણ લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં નદીના કોતરોની જમીનમાં આ વાંસની ખેતીનું આયોજન કરવામાં આવશે. જેથી કોતરોનું થતુ ધોવાણ અટકાવી શકાય એટલુ જ નહિ પાણીની સમસ્યાનો પણ બહુ સામનો કરવાનું થાય નહિ. આ માટે દહેગામ તાલુકાના વિસ્તારોમાં પસંદગી કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

પંચાયતના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામના ત્રણેક ગામોની જમીનો જોવામાં આવી છે. અને આ અંગે હવે વિધિવત્ દરખાસ્ત જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ કરી તે મેળવવાના પ્રયાસો કરાશે. બીજી તરફ વાંસના છોડ મેળવવા માટેના પ્રયાસો પણ એકાદ સપ્તાહમાં હાથ ધરાશે જેથી વરસાદની સાથે સાતે તેનુ વાવેતર કરવામાં સફળતા પ્રાપ્ત થઈ શકે.

આ યોજના મનરેગામાં સમાવી મહિલાઓને રોજગારી આપી શકાય તેમજ તેની જાળવણીની કાળજી માટેની જવાબદારી પણ આપી શકાય તે દિશામાં આખુ આયોજન થઈ રહ્યું છે. આ માટે આગામી સપ્તાહ અત્યંત મહત્વનું બની રહેશે અને તેના અમલીકરણમાં આગળ વધવામાં આવશે

જિલ્લામાં મનરેગાનો વ્યાપ વધારવા માટે વન વિભાગ સાથે પણ સંકલન વધુ મજબુત બનાવવામાં આવશે. પશુધન માટે ઉત્તમ કક્ષાના ઘાસચારાનું વાવેતર પણ મનરેગા અંતર્ગત કકરવાની દિશામાં વિચારણા ચાલી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

## કલેક્ટર તરીકે રવિશંકર આજે હોદ્દો સંભાળશે

ગાંધીનગર,તા. ૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે નવનિયુક્ત થયેલ શ્રી રવિશંકર આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત થયેલા શ્રી રવિશંકર અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા હતા. તેઓએ અમદાવાદ જિલ્લામાં કરેલી કામગીરીથી અનોખી લોકચાહના ઉભી કરી હતી.

ગાંધીનગર જિલ્લાના કલેક્ટર ડૉ. પી. સ્વરૂપની જગ્યાએ તેઓ આવી રહ્યા છે. ડૉ. સ્વરૂપની બદલી ઈન્ડેક્ષ.બી.ના મેને. ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે.

## મ્યુનિ. કમિશનર તરીકે ચૌધરી આજે હોદ્દો સંભાળશે

ગાંધીનગર,તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર તરીકે ફરજો બજાવતા શ્રી હિંગરાજીયા વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે. તેમની જગ્યાનો હવાલો જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપને અપાયો હતો.

રાજ્ય સરકારે તાજેતરમાં ૪૫ જેટલા સનદી અધિકારીઓની કરેલી બદલીમાં ગાંધીનગર મ્યુનિ. કમિશનર તરીકે શ્રી ચૌધરીની નિયુક્તિ કરવામાં આવી છે.

# ઘ-૫ સર્કલ પર લટકતા સી.સી. કેમેરાના કેબલોથી દહેશત

## નીચે સુધી લબડતા વાયરોને નુકશાન થવાની ભીતિ


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર,તા. ૬

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ગુનાખોરીને ડામવા જાહેર સ્થળોએ પોલીસ-પબ્લીકની પાર્ટનરશીપથી અગાઉ સી.સી. ટીવી. કેમેરા લગાવવા નિર્ણય લેવાયો હતો. જેના અંતે કેટલાક સ્થળોએ સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા હતા. પરંતુ જાહેર સ્થળોએ લટકતા કેમેરાના વાયરો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. ઘ-૫ સ્થિત રવિશંકર મહારાજની પ્રતિમા પાસે કેમેરાના કેબલો દોરડાની જેમ નીચે લટકી રહ્યા છે. આવી સ્થિતિમાં કેબલને નુકશાન થવાની સાથે અકસ્માત સર્જાય તેવી દહેશત છે.

શહેરમાં વધતી ગુનાખોરીને ડામવા જાહેર સ્થળોએ સી.સી. ટી.વી. કેમેરાની વોચ ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં નગરના મુખ્ય શોપિંગ સેન્ટરો ઉપરાંત જ્વેલરી શોપ્સ તેમજ મુખ્યમાર્ગો સ્થિત મેઈન સર્કલોને સી.સી.ટી.વી. કેમેરાની વોચ હેઠળ આવરી લેવાયા છે. જિલ્લા પોલીસતંત્રના આ સૂચન અન્વયે શહેરમાં પબ્લીક પોલીસના સહયોગથી ઘ-૫, ઘ-૩, ઘ-૦ સહીતના સર્કલો પર સી.સી. ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાંઆવી છે. પરંતુસી.સી. ટી.વી. કેરાના કેબલો નીચે લટકતી હાલતમાં હોવાથી સર્કલોની સુંદરતાને ઠેસ પહોંચતી હોવાની સાથે ગમે ત્યારે અકસ્માતના સંજોગો ઉભા થાય તેવી દહેશત પ્રવર્તી છે. ઘ-૫ સર્કલ પાસે આવા કેબલો ખૂબ જ નીચે લટકતા હોવાથી કોઈ ઈસમો કેબલને નુકશાન પહોંચાડે તેવી પણ દહેશત છે. આ સ્થિતિને ધ્યાને લઈ આવા કેબલો અન્ડર ગ્રાઉન્ડ અથવા ટી.વી. કેબલની જેમ સલામત અંતરે ગોઠવાય તેવી લોકમાગણી ઉઠવા પામી છે.

# રેલવે બજેટ અંગે વેબસાઈટ પર સૂચનો આવકાર્ય

## કેપીટલ સ્ટેશનના વિકાસ અને જરૂરી ટ્રેઈનો માટે આમ નાગરિકોને સાઈટ પર રજૂઆત કરવા મહામંડળની અપીલ

ગાંધીનગર,તા. ૬

આગામી દિવસોમાં રેલવે બજેટ ૨૦૧૪-૧૫ રજુ થવાનુ છે. ત્યારે વર્ષોના અંતે કેપીટલ સ્ટેશનને ન્યાય મળે તેવી આશા સેવાઈ રહી છે. કરોડોના ખર્ચે વિકસાવાયેલા ગાંધીનગર રેલવે સ્ટેશનને દાયકાઓના અંતે પણ જરૂરી ટ્રેઈન સેવા ઉપલબ્ધ થઈ નથી. આવા સંજોગોમાં આગામી રેલવે બજેટમાં આમ આદમીને શુ જોઈએ છીએ તે અંગેના સૂચનો વેબસાઈડના માધ્યમથી રેલવે વિભાગને પહોંચાડવા અપીલ કરવામાં આવી છે. રેલવે દ્વારા તેના માટે ઈ-મેલ આઈ.ડી. પણ જાહેર કરવામાં આવ્યું છે. રેલબજેટ-૨૦૧૪ એટ ધી રેઈટ આરબી રેલનેટ જીઓવી. ઈન પર નાગરિકોએ સૂચનો મોકલવા જણાવાયું છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ દાયકાઓના અંતે સ્ટેશન પર રોજ ચાર ટ્રેઈનોની અવરજવર જોવા મળી રહી છે. બીજી તરફ રેલવે સ્ટેશન પર યાત્રિકોને લક્ષી જરૂરી સુવિધા પણ ઉભી કરવામાં આવી નથી. અન્ય રાજ્યોના કેપીટલ સ્ટેશનની સાપેક્ષમાં ગાંધીનગર રેલવે સ્ટેશનને પાટનગર સમકક્ષ બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. છેલ્લા એક દાયકાથી રેલવે બજેટમાં કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવાથી લઈ વિકાસલક્ષી કામો અન્વયે અન્યાય થતો આવ્યો છે. જરૂરી ટ્રેઈનો ગાંધીનગર ડાયવર્ટ કરવા ઉપરાંત સ્ટેશન પર પાયાની સુવિધાઓના મામલે પણ મીંડુ ચિતરાયેલ હોવાથી મુસાફરો ડગલે ને પગલે હાલાકી ભોગવી રહ્યા છે. આ સઘળી સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં રેલવે બજેટ જાહેર થવાનુ છે ત્યારે આમ આદમીના સૂચનો મેળવવા રેલવે દ્વારા ઈ-મેલ આઈ.ડી. જાહેર કરવામાં આવ્યું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે જણાવ્યા મુજબ ગાંધીનગરને દેશના અન્ય પાટનગરો સમકક્ષ ગણી અમદાવાદથી ઉપડતી અને વિવિધ રાજ્યોના અન્ય ભાગોમાં જતી ટ્રેઈનો વાયા ગાંધીનગર લઈ જવાય તે માટે નાગરિકોએ વેબસાઈટ પર રજૂઆત કરવી જોઈએ. મહેસાણા, પાટણ, આબુરોડની ટ્રેઈન પણ વાયા ગાંધીનગર દોડાવવા મહામંડળની રજૂઆતને બળ પુરૂ પાડવા જણાવાયું છે.

## રેલવે બજેટમાં ગાંધીનગરાઓને મોટી આશા

મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમા કેપીટલ સ્ટેશનના વિકાસ માટે અત્યાર સુધી સેંકડો રજૂઆતો થઈ છે. દાયકાઓના અંતે પણ ગાંધીનગર રેલવે સ્ટેશનને પર્યાપ્ત ટ્રેઈન સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યું છે. નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, અગ્રણીઓ તેમજ આમ નાગરિકોએ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા તેમજ યાત્રિકોલક્ષી જરૂરી સુવિધાઓ ઉભી કરવા થોકબંધ રજૂઆતો કરી છે. પરંતુ દાયકાઓના અંતે પરિણામ શૂન્યનું શૂન્ય જ મળ્યું છે. દર વખતના રેલવે બજેટ વખતે પણ કેપીટલ સ્ટેશનને કાંઈક મળશે તેવી આશા જન્માવી બેઠેલા નગરજનોએ આખરે નિરાશ થવાનો જ વારો આવ્યો છે. અડવાણીજી ૫ ટર્મથી વધુ સમયથી ગાંધીનગરના સાંસદ છે. આવા સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા પણ રેલવેના મામલે થતા અન્યાય સંદર્ભે અત્યાર સુધી કેન્દ્રની યુ.પી.એ. સરકાર પર દોષનો ટોપલો ઠાલવવામાં આવતો હતો. પરંતુ હાલ કેન્દ્રમાં પણ ભાજપની સરકાર સત્તારૂઢ છે. આવા સંજોગોમાં ગાંધીનગર રેલવે સ્ટેશનને કંગાળ સ્થિતિમાંથી ઉગારવા કાંઈક નક્કર આયોજન થશે તેવી આશા બંધાઈ છે. દર વર્ષે રેલવે બજેટમાં નિરાશ થતા ગાંધીનગરાઓ આ વખતના રેલવે બજેટને લઈ મોટી અપેક્ષાઓ સેવી રહ્યા છે !

# ચ-૦ પાસે ટ્રાફિક ઝુંબેશ


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે આજે સાંજે ચ-૦ પાસે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં કાર પર લગાવેલી ડાર્ક ફિલ્મ અને લાલ લાઈટો ઉતારી લઈ વાહનચાલકો પાસેથી દંડ વસૂલાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે આજે વાહન ચાલકો સામે લાલ આંખ કરી શહેરના ચ-૦ સર્કલ પાસે સાંજે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. ઝુંબેશમાં જિલ્લા ટ્રાફિક પોલીસના પી.આઈ. વાય.આર. ગામીત અને તેમની ટીમના પોલીસ કર્મીઓ જોડાયા હતા. દરમિયાન વાહનોની ચેકીંગ હાથ ધરાતા પોલીસે નિયમ વિરૂદ્ધ કાર પર લગાવેલી ડાર્ક ફિલ્મ ફટ્ટી ઉતારી દીધી હતી. ઉપરાંત બે કાર પર લગાવેલી લાલ લાઈટ પણ ઉતારી લીધી હતી અને સ્થળ પર જ કુલ રૂ. ૫૩૦૦ નો દંજ વસૂલ્યો હતો.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ કેટરીગ લાઈટીગ ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com